RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૨૭ તા.૧૫–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ઈશ્વરભાઈ હરિભાઈ ચૌહાણ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટી.પી)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈશ્વરભાઈ હરિભાઈ ચૌહાણની તા. ૧૭–૧૨–૧૧ની અરજીથી ટી.પી.સ્કીમ–૫ ઉમરા નોર્થમાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૪૧ પૈકી ૫૫૨૦ ચો.મી. જમીન " ડિસેબલ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાને" ફાળવવામાં આવેલ છે. તો આ ડિસેબલ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાએ જમીન મેળવવા કયારે–કઈ તારીખે કમિશ્નરશ્રી સાહેબ, મહાનગરપાલિકા સુરતને કરેલ છે તે મુળ અરજીની ઝેરોક્ષ નકલ પ્રમાણિત કરેલ આપવી સાથે સાથે કયારે આ અરજીને સ્થાયી સમિતિમાં કયા ઠરાવ નંબરની જમીન ફાળવવા મંજુરી આપેલ છે તે ઠરાવ નંબર અને તેની ઝેરોક્ષ નકલ આ સ્થાયી સમિતિનાં ઠરાવને માસિક જનરલ સભામાં કયા ઠરાવ નંબરથી મંજુરી આપવામાં આવી તેની ઝેરોક્ષ નકલ અને આ જમીન રેસીડન્ટ ઝોનમાં હોય એમને કયા હેતુસર આપવામાં આવી અને ૧ચો.મી. ના કેટલા ભાવો આપવામાં આવી તેની વિગતોઆપવા વિનંતી. આ સાથે રેગ્યુલેશન ૨૦૦૨ રીઝર્વ લોટોનો નિકાલ/ફાળવણી અંગેની કામગીરી જે શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળોના (ડિસ્પોઝલ ઓફ લેન્ડ પ્રોપર્ટીઝ) મુજબ કરવાની હોય છે તો તે પણ મંજુરી આપેલ છે તેની લેખિત આપેલ નોંધ અગર લેટરની ઝેરોક્ષ નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૭/૨૦૧૧–૧૨

શ્રી ઈશ્વરભાઈ હરિભાઈ ચૌહાણની તા. ૧૭–૧૨–૧૧ની અરજીથી ટી.પી.સ્કીમ–૫ ઉમરા નોર્થમાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૪૧ પૈકી ૫૫૨૦ ચો.મી. જમીન " ડિસેબલ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાને" ફાળવવામાં આવેલ છે. તો આ ડિસેબલ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાએ જમીન મેળવવા કયારે–કઈ તારીખે કમિશ્નરશ્રી સાહેબ, મહાનગરપાલિકા સુરતને કરેલ છે તે મુળ અરજીની ઝેરોક્ષ નકલ પ્રમાણિત કરેલ આપવી સાથે સાથે કયારે આ અરજીને સ્થાયી સમિતિમાં કયા ઠરાવ નંબરની જમીન ફાળવવા મંજુરી આપેલ છે તે ઠરાવ નંબર અને તેની ઝેરોક્ષ નકલ આ સ્થાયી સમિતિનાં ઠરાવને માસિક જનરલ સભામાં કયા ઠરાવ નંબરથી મંજુરી આપવામાં આવી તેની ઝેરોક્ષ નકલ અને આ જમીન રેસીડન્ટ ઝોનમાં હોય એમને કયા હેતુસર આપવામાં આવી અને ૧ ચો..મી. ના કેટલા ભાવો આપવામાં આવી તેની વિગતોઆપવા વિનંતી. આ સાથે રેગ્યુલેશન ૨૦૦૨ રીઝર્વ લોટોનો નિકાલ/ફાળવણી અંગેની કામગીરી જે શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળોના (ડિસ્પોઝલ ઓફ લેન્ડ પ્રોપર્ટીઝ) મુજબ કરવાની હોય છે તો તે પણ મંજુરી આપેલ છે તેની લેખિત આપેલ નોંધ અગર લેટરની ઝેરોક્ષ નકલ આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટીપીડી/ આરટીઆઈ / આ.નં./ ૫૨૬ તા. ૧૮–૦૧–૧૨ થી મળેલ માહિતી ખોટી અને અસત્યને માર્ગે દોરનારી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૭૫ તા.૧–૩–૧૨ થી** ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટી.પી) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના મળેલ માહિતી પત્રની વિગત સહિત ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૬૬૩ તા.૨૧–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,

સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૫૧ તા.૧૯–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૫૨૩ તા.૧૮–૧–૧૨ ના પત્રની નકલ, ઠરાવ નં.૮૮૧/૨૦૦૮ ના ઠરાવની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તેમના તા.૧૨–૩–૧૨ ના પત્રથી તેમનો પક્ષ રજૂ થયેલ છે.

અરજદારની તા.૧૭–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૭૫૧ તા.૧૯–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૫૨૩ તા.૧૮–૧–૧૨ થી " ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા " ને ટીપી સ્કીમ નં.૫ (ઉમરા–નોર્થ) ખાતે ફા.પ્લોટ નં. ૪૧ પૈકીની જગ્યા ફાળવવામાં આવેલ નથી. પરંતુ ફા.પ્લોટ નં.૧૭૯ વાળી જગ્યા ફાળવવામાં આવેલ છે જેના ઠરાવની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અન્વયે પ્રતિ નકલ દીઠ રૂા.૨/– સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરી જવા જણાવવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૬૬૩ તા.૨૧–૩–૧૨ થી ટીપી સ્કીમ નં.૫ (ઉમરા–નોર્થ) ફા.પ્લોટ નં.૪૧ પૈકીની ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાને ફાળવવામાં આવેલ ૫૫૨૦ ચો.મી. જમીન બાબતે કેટલીક માહિતીની માંગણી કરવામાં આવેલ. પરંતુ પ્રશ્નવાળી ઉકત ટીપી સ્કીમ નં.૫ (ઉમરા–નોર્થ) , ફા.પ્લોટ નં.૪૧ વાળી જગ્યાની ફાળવણી ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાને કરવામાં આવેલ ન હોય તે અંગે માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી. ડિસેબલ વેસ્ફેર ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાને રાજય સરકારશ્રીના તા. ૨–૭–૦૮ ના ઠરાવ નં.સમન/ ૫૮૨૦૦૩/૩૬૭૮ /પી સુરત તથા સુમપાની તા.૨–૧૨–૦૮ ના રોજ મળેલ માસિક સાધારણ સભાના ઠરાવ નં.૮૮૧/૨૦૦૮ ને આધિન જગ્યા ટીપી સ્કીમ નં.૫ (ઉમરા–નોર્થ) ફા.પ્લોટ નં.૧૭૯ ની ફાળવણી કરવામાં આવેલ છે જે અંગેની માહિતી અરજદારને પાઠવવામાં આવેલ છે. વધુમાં અપીલ અરજીમાં કરેલ કેટલીક રજૂઆતો અસ્પષ્ટ છે તેમજ મુળ અરજી કરતાં વધારાની/નવી માહિતીની તેમજ પગલાઓ લેવાની કરવામાં આવેલ માંગણીનો આરટીઆઈ એકટ હેઠળની અપીલમાં સમાવેશ કરી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જયારે અરજદારે તેમના તા.૧૨–૩–૧૨ ના પત્રથી પક્ષ રજૂ કરતાં જણાયેલ છે કે તા.૭–૨–૧૨ ના પત્રથી તા.૧૭–૧૨–૧૧ થી માહિતી મેળવવા અરજી આપેલ હતી તે અરજીના અનુસંધાનમાં ટીપીડી/આરટીઆઈ/૫૨૩ તા. ૧૮–૧–૧૨ નો લખેલ પત્ર તા.૩૦–૧–૧૨ ના દિને કુરિયર મારફત મળ્યો જેમાં માંગેલ વિગતોની પૂર્તતા થતી નથી.. મારી માંગેલ માહિતીનો સમયગાળો સને ૧–૪–૨૦૦૧ થી સને ૩૧–૩–૨૦૦૫ એટલે કે ચાર વર્ષના સમયગાળા પૂરતો હતો આમ છતાં જે માહિતી આપવામાં આવેલ છે જે માહિતી સને ૨–૧૨–૦૮ ના વર્ષની છે જે અમારી માંગણી વિરુધ્ધમા છે અને તે પણ ૩૦ દિવસ પૂરા થઈ ગયા બાદ આપવામાં આવેલ છે. આમ ખોટી માહિતી આપીને મીસ ગાઈડ કરવા માંગે છે આ માહિતી સત્ય હકીકતથી છુપાવી અસત્યને માર્ગે દોરે છે. તેવું જણાવેલ છે. વધુમાં શ્રી જે.એમ. પટેલ ધ્વારા માહિતી આપવામાં આવેલ છે તે ખોટી અને ગેરમાર્ગે દોરનાર છે આમ ખોટી અને મુદતવિતી માહિતી આપવા બદલ માહિતી આપનાર કર્મચારી ઉપર યોગ્ય પગલા લેવાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે એમના સદર પત્રથી ટીપીડી/૧૯૭૨ તા.૪–૭–૦૩ તથા ટીપીડી/૨૩૯૭ તા.૨૩–૭–૦૩ ના પત્રનો હવાલો આપી ખોટી માહિતી હોવાનો દાવો કરી તપાસ કરાવવાની પણ રજૂઆત કરેલ છે.

બંને પક્ષોની હકીકત ધ્યાને લેતાં અરજદારે તેમની તા.૧૭–૧૨–૧૧ ની અરજીથી ડીસેબલ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાને ફાળવેલ જમીન બાબતે ૨૦૦૧ થી ૨૦૦૫ ના સમયગાળાની માહિતીની માંગણી કરેલ છે તેમાં કોઈ તકરાર નથી. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ૨૦૦૮ ના મનપાના ઠરાવની નકલ આપવામાં આવેલ છે. આમ અરજદારે માંગેલ સમયગાળા માટેની માહિતી આપવામાં નહીં આપ્યાનું સ્પષ્ટ થાય છે. સાથે અરજદારે રજૂ કરેલ પૂરક વિગતો અને તેમનો પક્ષ ધ્યાને લેતાં અરજદારે રજૂ કરેલ ડાયરેકટર ઓફ પ્લાનીંગના તા.૪–૭–૨૦૦૩ અને તા.૨૩–૭–૨૦૦૩ ના પત્રો ધ્યાનમાં લેવામાં આવે તો તેમાં સુમપાની સાધારણ સભાના તા.૨૮–૫–૨૦૦૩ ના ઠરાવ ધ્વારા ટીપી સ્કીમ નં.૫ માં ઉમરા–નોર્થ , ફા.પ્લોટ નં.૪૧ પૈકીની જમીન ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાને ફાળવવાનો નિર્ણય થયેલ હોવાનો ઉલ્લેખ થયેલ છે તે લક્ષમાં લેતાં અરજદારના અપીલમાંની રજૂઆત " ૨૦૦૧ થી ૨૦૦૫ ના સમયગાળાની માંગેલ માહિતી નહીં આપ્યાના દાવાને પ્રથમદર્શી સમર્થન મળે છે ."

સબબ એક જ ટ્રસ્ટને બે તબકકે અલગ અલગ જમીન ફાળવવાના ધ્યાને આવેલ નિર્ણયના ઉપલક્ષ્યમાં અરજદારે માંગેલા સમયગાળા માટેની માહિતી પૂરી પાડવાની થાય.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૫–૨–૧૨ ધ્યાને લેતાં ૧૫–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૦–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ

અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી માંગવામાં આવેલ સમયગાળા માટે એટલે કે ૨૦૦૧ થી ૨૦૦૫ ના સમયગાળા માટેની જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ ન હોય આરટીઆઈ એકટની એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી) ને જણાવવામાં આવે છે.

અરજદારની જાહેર માહિતી અધિકારી સામે પગલા લેવાની રજૂઆત અંગે કાયદાની કલમ–૨૦(૧) ધ્યાને લેતાં તે અંગેની સત્તા રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને વિહીત થયેલ હોય તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈશ્વરભાઈ હરિભાઈ ચૌહાણ,